‘પુસ્તકોના માણસ’ સાયુકલા પુસ્તક પ્રેમી, પુસ્તક પ્રસારક, ઉત્તમ અનુવાદક, ઉમદા ગ્રંથપાલ જયંત મેઘાણીની વર્ચ્યુઅલ સ્મરણાંજલિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

૧૩મી ડિસેમ્બર, ૨૦૨૦, રવિવારે રાત્રે ૮.૦૦થી ૧૦.૩૦ દરમિયાન ‘પુસ્તકોના માણસ‘ જયંતભાઈ મેઘાણીની સ્મરણાંજલિ સભામાં દેશ-વિદેશથી ઘણા આત્મીયજનો જોડાયા અને જયંતભાઈ સાથેનાં સ્મરણો વાગોળ્યાં તથા પ્રેમથી ભરેલા હૃદયભાવ પણ રજૂ કર્યાં.

આ શ્રદ્ધાંજલિ સભા સેન્ટર ફોર એક્સેલન્સ (ભાવનગર), પોઝિટિવ મીડિયા પરિવાર, ગુજરાતી પ્રકાશક મંડળ, માતૃભાષા અભિયાન, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, માતૃભારતી, શિશુવિહાર-બુધસભા

(ભાવનગર), ગુજરાતી બુક ક્લબ, શબ્દ સંવાદ, આઈના (અમેરિકા), મારી ભાષા ગુજરાતી તથા વઢિયાર સાહિત્ય મંચ એમ વિવિધ સંસ્થાઓના ઉપક્રમે યોજાઈ હતી. કાર્યક્રમનું સંચાલન રમેશ તન્નાએ કર્યું હતું.

તેમણે પ્રારંભમાં જયંતભાઈનો વિગતવાર પરિચય આપ્યો હતો. એ પછી સુભાષ ભટ્ટ અને નિશીથ મહેતાએ જયંતભાઈ સાથેના સ્મરણો વાગોળ્યા હતા. અમેરિકાથી જોડાયેલા, જયંતભાઈના ભાઈ અશોકભાઈ મેઘાણીએ બે વખત સ્મરણો રજૂ કર્યાં હતાં. તેમણે કહ્યું હતું કે અમારા પિતા ઝવેરચંદ મેઘાણીનો સાચો પરિચય તેમણે મને કરાવ્યો હતો. લિટરલી એકેડેમી ઓફ નોર્થ અમેરિકાના રામ ગઢવીએ પણ તેમને યાદ કરતાં કહ્યું હતું કે અમે ગુજરાતમાંથી સાહિત્યકારને બોલાવતા ત્યારે કોને બોલાવવા એ પસંદગીમાં જયંતભાઈ અમને ખૂબ મદદ કરતા. તેમની સાથે કાર્ય કરનાર અરવિંદભાઈ શુક્લ અને ઈન્દુબહેન શુક્લએ પણ ભાવવાહી સ્વરમાં સ્મરણો વાગોળ્યાં હતાં. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આશાબેન સરવૈયાએ જયંતભાઈનો ગ્રંથપાલ અને માણસ તરીકે પોતાના પર કેટલો પ્રભાવ પડ્યો તેની લાગણીશીલ વાતો કરી હતી.

૯૩ વર્ષના પૂર્વ ગ્રંથપાલ વિનોદભાઈ પણ જોડાયા હતા અને તેમણે ખૂબ સુંદર સ્મરણો વાગોળ્યાં. ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલયના મનુભાઈ શાહે જયંતભાઈની પુસ્તકના વ્યક્તિ તરીકેની પ્રતિભાની ઉદાહરણો આપીને અજાણી વાતો કરી હતી. સત્યમુનિ સ્વામીએ નાનકભાઈ સાથેના નાતાને યાદ કરીને જણાવ્યું હતું કે તેઓ ખાવાના ખૂબ શોખીન હતા.

મારી ભાષા ગુજરાતી સંસ્થાવતી ભાગ્યેન્દ્ર પટેલે પણ સ્મરણો રજૂ કર્યાં હતાં. વઢિયાર સાહિત્ય મંચ તરફથી ડો. કિશોર ઠક્કરે શ્રદ્ધાંજલિ આપી હતી તો શબ્દ સંવાદ સંસ્થા તરફથી શ્યામભાઈએ હૃદયભાવ વ્યક્ત કર્યો હતો. ગ્રંથપાલ હેમાબહેને ગ્રંથપાલ તરીકે જયંતભાઈની ઊંચાઈ કેટલી જબરજસ્ત હતી તે જણાવ્યું હતું તો વલસાડથી જોડાયેલા રમેશ ચાંપાનેરીએ પણ જયંતભાઈને શબ્દાંજલિ આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમ આત્મીય બની રહ્યો હતો. પોઝિટિવ મીડિયા તરફથી આવો કાર્યક્રમ યોજવાનું સદ્ભાગ્ય મળે તે ધન્યતાની ક્ષણ ગણાય.

આ તબક્કે રમેશ તન્નાએ જણાવ્યું હતું કે, સમૃધ્ધ ગણાતા આપણા ગુજરાત રાજયમાં પુસ્તકાલયોની સંખ્યા અને દશા પાંખી અને માઠી છે. એકલા પૈસાથી જીવન નથી જીવી શકાતું, સમૃદ્ધિ તો ઘણી વાર દૂષણો લાવતી હોય છે. એવું બની પણ રહ્યું છે. આપણે બધાએ સહિયારો પુરુષાર્થ કરીને ગુજરાતના પ્રત્યેક ગામમાં એક ધબકતું પુસ્તકાલય હોય એવી સ્થિતિનું નિર્માણ કરીને સ્વર્ગસ્થ જયંતભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપવી જોઈએ.

આત્મનિર્ભર ભારત કરવું હશે, સ્વસ્થ સમાજની રચના કરવી હશે તો ગામોના ઉત્કર્ષ વિના આરો-ઓવારો નથી. એ જ એક વિકલ્પ છે. સમજ બદલાય તો સમાજ બદલાય. ગ્રામજનોની સમજને દૃઢ કરવામાં પુસ્તકો મોટો ભાગ ભજવી શકે. જેમ દરેક ગામમાં ધાર્મિક સ્થળ હોય છે તે રીતે પુસ્તકાલય પણ હોય જ તેવી સ્થિતિ ઊભી કરવી અશક્ય નથી.

રોબો ફેસ્ટ ગુજરાત ૧.૦ સ્પર્ધાના વિજેતાઓનો ઈનામ વિતરણ કરી સન્માનિત કરાયા

મુખ્યમંત્રી દ્વારા યુનિવર્સિટી- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ‘પરમ શાવક’ સુપર કોમ્પ્યુટર અર્પણ

ગાંધીનગર,તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના કાર્યક્રમમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના “આત્મનિર્ભર ભારત”ના સ્વપ્નને સાકાર કરવા નવા ૧૦ પરમ સુપર કોમ્પ્યુટર મહત્વની ભૂમિકા ભજવશે.રોબોફેસ્ટ ગુજરાત ૧.૦ સ્પર્ધાના વિજેતાઓ અને સુપર કોમ્પ્યુટર પ્રાપ્ત સંસ્થાઓને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

સંશોધન ક્ષેત્રે ગુજરાતના યુવાનો ઉપર સમગ્ર દેશની આશાઓ- અપેક્ષાઓ છે. ગુજરાતના યુવાનો નવા સંશોધનો દ્વારા પ્રજાકલ્યાણમાં પોતાનું મહત્તમ પ્રદાન આપશે તેવો મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તથા રાજયની ૧૦

યુનિવર્સિટી- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા “પરમ શાવક” સુપર કોમ્પ્યુટર અર્પણ કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, વધુ નવા ૧૦ સુપર કોમ્પ્યુટર મળવાથી ગુજરાતનો યુવાન વિશ્વના અન્ય દેશોના યુવાનો સાથે સીધી સ્પર્ધા કરી શકશે. એટલું જ નહિ, સુપર કોમ્પ્યુટર દ્વારા નવીન સંશોધન અને સ્ટાર્ટઅપની પક્રિયા વધુ ઝડપી બનશે. ગુજરાતનો યુવાન આગામી દિવસોમાં સંશોધન ક્ષેત્રે તમામ પડકારો ઝીલવા સક્ષ્ય છે. સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રમાં રાજયના યુવાનોના રસ-રૂચિને કેળવવા માટે સાયન્સ સિટી ખાતે આધુનિક રોબોટિક ગેલેરીનું નિર્માણ કરાશે તેવી નેમ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ યુવા છાત્રોને પ્રેરણા આપતાં કહ્યું કે, વિશ્વ ૨૧મી સદીમાં ભારત પ્રત્યે આશા-અપેક્ષાની મીટ માંડીને બેઠું છે ત્યારે ભારતની આશા યુવા પેઢી સાથે જોડાયેલી છે. મુખ્યમંત્રીએ યુવાઓને નવા આવિષ્કાર થકી લોકઉપયોગી સંશોધનો કરવા માટે આહ્વવાન કરતાં જણાવ્યું કે, ગુજરાતનો યુવાન આજે “જોબ સિકર નહી પણ જોબ ક્રિએટર” બન્યો છે.

સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ માટે વૈશ્વિકકક્ષાની i Creat સંસ્થા માત્ર ગુજરાતમાં કાર્યરત છે તેમજ ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થાઓ IIT અને IIM ઉપલબ્ધ બની છે. ગુજરાતમાં વૈશ્વિકકક્ષાની PDPU, NFSU, GNLU, રક્ષા શક્તિ યુનિવર્સિટી જેવી સંસ્થાઓ કાર્યરત છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી અમદાવાદ-ગાંધીનગર શૈક્ષણિક હબ તરીકે પ્રસ્થાપિત થયું છે તે સરકારની શિક્ષણ ક્ષેત્રની રૂચિ-રસ દર્શાવે છે તેમ મખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

તેમણે ઉમેર્યું કે, વર્તમાન સમયની માંગ પ્રમાણે યુવાનો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારનો સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ પ્રતિબધ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને નવીન સંશોધન માટે કુલ ૨૬ સુપર કોમ્પ્યુટરની ભેટ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી - અમદાવાદ, સરકારી ઈજનેરી કોલેજ - ભાવનગર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી; ગણપત યુનિવર્સિટી- મહેસાણા, મારવાડી યુનિવર્સિટી- રાજકોટ, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT) – ગાંધીનગર, પારુલ યુનિવર્સિટી- વડોદરા, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી- વિસનગર-મહેસાણા, સિલ્વર ઓક કોલેજ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી-અમદાવાદ, અમદાવાદ યુનિવર્સિટી - નવરંગપુરા, અમદાવાદ અને ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ રિસર્ચ - ગાંધીનગર સહિત ૧૦ શૈક્ષણિક સંસ્થાઓને સુપર કોમ્પ્યુટર એનાયત કરવામાં આવ્યા હતા.

એત્રે ઉલ્લેખનીય છે કે, રાજયની વિવિધ સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓમાં હાઈ-એન્ડ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા તથા નેક્સ્ટ જનરેશન લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે ગુજકોસ્ટ દ્વારા વિવિધ ઈજનેરી સંસ્થાઓમાં તથા યુનિવર્સિટીઓના વિભાગોમાં સંશોધન માટે સુપર કોમ્પ્યુટીંગ સુવિધાઓને સ્થાપવામાં આવી રહી છે. પરમ શાવકને સી-ડેક દ્વારા સંપૂર્ણ રીતે ભારતમાં વિકસાવવામાં આવેલ છે જેની ઉપયોગિતા હાઈ પરફોર્મન્સ કોમ્પ્યુટીંગ અને ડીપ લર્નિંગની છે જેના માટે તેમાં ૮૮૬ આધારિત ઈન્ટેલ પ્રોસેસર, ૯૬ જીબી રેમ, ૧૬ ટીબી સ્ટોરેજ, એનવિડિયા આધારિત કો-પ્રોસેસિંગ એક્સેલરેટર ટેકનોલોજીસ અને સોફ્ટવેર ડેવલોપમેન્ટ એન્વાયરમેન્ટ વગેરે જેવી સુવિધાઓ ધરાવે છે.

આ સુપર કોમ્પ્યુટર થકી નવીનતમ અને ગ્રાઉન્ડ બ્રેકીંગ તકનીકી વિકાસને હાઈ એન્ડ કોમ્પ્યુટીંગને ટેબલ ટોપ પ્લેટફોર્મ પર લાવી શકાશે અને આવા કર્યો માટે મોંઘા ડેટા સેન્ટરોના માળખાની જરૂર નહિ પડે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ એ નવા યુગના વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઉભરી રહેલા ક્ષેત્રો છે. ઈજનેરોની યુવા પેઢીની કુશળતામાં અભિવૃદ્ધિ કરવા ગુજકોસ્ટ દ્વારા પ્રથમ ‘રોબોફેસ્ટ ગુજરાત‘ સ્પર્ધાની જાહેરાત કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

ડો. ઉર્વી મહેતા
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

પટેલ વેદ કિરીટભાઈ
મો. ૯૩૨૮૧૨૫૧૮૫

રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ
મો. ૯૪૨૭૦ ૦૧૩૨૭

નિમિષા સી પારેખ
મો. ૭૮૭૪૧ ૨૩૫૧૮

જશન ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

મંથન ભરતભાઈ પરમાર

ટ્વિંકલ ભરતભાઈ પરમાર

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

માસ્ક પહેરો... સ્વસ્થ રહો...

‘હોમ લર્નિંગ’ અંતર્ગત ‘ચાલો ભણીએ, સૌના સથવારે’ જોટાણા તાલુકાનીનગીનપુરા પ્રા. શાળામાં અમલીકરણ

મહેસાણા, તા. ૧૪

શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્ય દ્વારા ‘હોમ લર્નિંગલ્લકાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો.આ કાર્યક્રમ અંતર્ગત જી.સી.ઈ. આર.ટી, ગાંધીનગરની પ્રેરણા અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મહેસાણા તથા જિલ્લા શિક્ષણ સમિતિ,મહેસાણાના માર્ગદર્શન હેઠળ જોટાણા તાલુકાની સૂરજ સી.આર.સી.ની એક આંતરિયાળ શાળા નગીનપુરા(સૂરજ) પ્રા શાળામાં “ચાલો ભણીએ, સૌના સથવારે” કાર્યક્રમ અમલી કરવામાં આવ્યો છે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. ગૌરાંગભાઈ વ્યાસ તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકતારી પુલકિતભાઈ જોષીની પ્રેરણા તથા શ્રેયાન વ્યાખ્યાતા વિ.ડી.અઢીયોલના માર્ગદર્શન હેઠળ સી.આર.સી.કો. ઓ.રવિભાઈ પટેલ,આચાર્ય નાથાજી ઠાકરડા, શિક્ષકશ્રી જગદીશચંદ્ર ખત્રી તથા સુધાબેન અને દિપીકાબેન અને ગ્રામજનોના સહકારથી અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ પ્રચાર-પ્રસાર દ્વારા કરવામાં આવી.શાળાના તમામ શિક્ષકો દ્વારા બાળકો અને ગ્રામજનોની મુલાકાત લેવામાં આવે છે તથા જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે છે. બાળકોની વ્યક્તિગત મુલાકાત કરવામાં આવે છે.કાર્યક્રમમાં વાલીઓનો વધુ સહકાર મળે તે માટે રવિવારના દિવસે ગામની અને સીમ વિસ્તારની અલગ અલગ ચાર જગ્યાઓ પર જરૂરી સામાજિક અંતર અને માસ્ક સાથે સમગ્ર ટીમ દ્વારા બેઠકો કરવામાં આવી.શૈક્ષણિક કિટનું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવ્યું.તથા દરેક બાળકને તેમના નામ સાથેનો રૂમાલ કોરોના સાવચેતીના ભાગરૂપે આપવામાં આવ્યો છે.

શાળાના શિક્ષકઓ દ્વારા ડીજીટલ માધ્યમથી ‘ વર્ચ્યુઅલ ક્લાસરૂમ’ માં ધોરણ ૩ થી ૭ ના તમામ બાળકોને જોડી શૈક્ષણિક કાર્ય કરવામાં આવે છે. વિ.ડી.અઢીયોલ તથા સી.આર.સી.કો.ઓ રવિભાઈ પટેલ દ્વારા દર શનિવાર/રવિવારે બાળકો અને વાલીઓની મુલાકાત કરી જરૂરી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવે છે. બાળકોએ જોયેલા કાર્યક્રમનું સ્વ મૂલ્યાંકનની વ્યવસ્થા કરવામાં આવી છે. “Study at home” એપ્લિકેશનના માધ્યમથી અભ્યાસ સાથે જોડવામાં આવ્યા છે.

શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન વેસ્ટમાંથી બેસ્ટનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સહ અભ્યાસિક પ્રવૃતિના ભાગરૂપે ધોરણઃ૬ ની વિદ્યાર્થિની બહેનોએ વેસ્ટ માથી બેસ્ટ વસ્તુઓ બનાવી તેના ફોટોગ્રાફ્સ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. તેમને શાળામાં શિક્ષિક ઘનશ્યામસિંહ ડાભી એ માર્ગદર્શન પૂરું પાડયુ હતુ. જેમાં વિદ્યાર્થિનીઓ તથા વાલીઓનો સંપુર્ણ સહકાર મળ્યો હતો તથા વિદ્યાર્થિનીઓની આવડત, કુનેહ અને ઉત્સાહને શાળાના પ્રિન્સીપાલ બેન શ્રી નીરૂબેન પટેલે વધાવી લઈ અભિનંદન પાઠવ્યા હતા

હિંમતનગરનો કલાકાર ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાની ફાઈનલ સ્પર્ધામાં વિજેતા બન્યો

ગાંધીનગર,તા. ૧૪

ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ટેલેન્ટ હેટ-સર્ચ ફોર સ્ટાર નામની કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ કોમ્પીટીશનમાં અગાઉ હિંમતનગર જેવા નાના શહેરનો પ્રતિભાશાળી કલાકાર રાજન વ્યાસ નોમીનેટ-વિજેતા થયેલ હતો. ફાઈનલ સ્પર્ધો તાજેતરમાં તારીખ ૧૩/૧૨/૨૦૨૦ ના રોજ કલકત્તા ખાતેથી ઓનલાઈન યોજઈ હતી. ફાઈનલ સ્પર્ધોમાં કુલ છ જજ સામે રાજન વ્યાસે ઓનલાઈન પરફોમન્સ આપ્યું હતું. ફાઈનલમાં જુદા જુદા રાજયના કુલ૧૨ સ્પર્ધક હતા જેમાંથી કેટલાક ટીવી અને ફિલ્મક્ષેત્રે કામ કરતા કલાકાર પણ હતા આ બધા સ્પર્ધોની વચ્ચે રાજન વ્યાસ સેકન્ડ રનરઅપ તરીકે વિજેતા જાહેર થતાં શહેર અને જિલ્લાનું ગૌરવ વધ્યું છે. અગાઉ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કલા મહાકુંભ અને યુવા ઉત્સવમાં પ્રદેશકક્ષા સુધી ઈનામો મેળવ્યા છે. ઉપરાંત હિંમતનગર, અમદાવાદ, વડોદરા,મુંબઈની વિવિધ સ્પર્ધોઓમાં પણ વિજેતા રહયો છે. અત્રે નોંધનીય છે કે આ પ્રતિભાશાળી કલાકાર હિંમતનગરના ગૌરવ પુરસ્કૃત નાટયકાર ભરત વ્યાસનો પુત્ર છે.

રાવળ યોગી સમાજ ટ્રસ્ટનો રક્તદાન કેમ્પ યોજાયો

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લા રાવળ યોગી સમાજ ટ્રસ્ટ દ્વારા રવિવારે શહેરના ગંજબજાર પાછળ આવેલા ગજાનંદ પાર્ટી પ્લોટ ખાતે બ્લડ કેમ્પ યોજાયો હતો.આ બ્લડ કેમ્પમાં ૩૭ યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ આનંદભાઈ,મહામંત્રી શૈલેષભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

રાધે-રાધે પરીવાર ગાંધીનગર દ્વારા ‘દિકરીઓના વધામણાં’ કાર્યક્રમ યોજી ૨૧ દિકરીઓને પુજન કરીને સન્માનિત કરાઈ

ગાંધીનગર,તા. ૧૪

દિકરી વ્હાલનો દરીયો, દિકરીને ગાય દોરો ત્યાં જાય. આવી કહેવાતો આપણે આપણી સંસ્કૃતિમાં સાંભળતા આવ્યા છીએ. દિકરી એટલે પ્રેમનો ખજાનો, દિકરી એટલે સમર્પણ ની ભાવના, દિકરી એટલે માં-બાપ ના પ્રેમનો ભંડાર, દિકરી એટલે પ્રેમ, કરુણા, મમતા અને ત્યાગની સાક્ષાત જીવંત મુર્તિ. કહેવાય છે કે ભગવાન જ્યારે દુનિયામાં દરેકનાં આંસુ લૂછવામાં પહોંચીના વળ્યાં એટલે એમણે દીકરીનું સર્જન કર્યું. આ સમગ્ર પંક્તિઓને સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે આપણાં ગાંધીનગર શહેરના ‘રાધે-રાધે પરીવાર, ગાંધીનગર નાં યુવાનોએ. તાજેતરમાં જ રાધે-રાધે પરીવાર, ગાંધીનગર દ્વારા સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ, સેક્ટર - ૨૫,ના આંગણે શહેરની ૨૧ દિકરીઓને આપણી ભારતીય સંસ્કૃતિની પ્રણાલી મુજબ પંચામૃતથી ચરણ પખાળવામાં આવ્યા. સાથે સાથે કપાળમાં કુમકુમ તિલક કરી પૂજા અર્ચના કરીને બધીજ દિકરીઓને કાંસા ની થાળીમાં પાકું સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું ત્યારબાદ દરેક દિકરીઓને રાધે-રાધે પરીવાર નાં તન્મયભાઈ પટેલ અને રાહુલભાઈ સુખડીયા ના

હસ્તે જ્યુસર મશીન, કોરોના મહામારી અંતર્ગત એક નાસ માટેનું મશીન, સોપારી, ચાંલ્લા, નેઈલ પોલિશ, માથામાં નાખવાની પીન અને રીંગ, બોળીયું, અને એક ભેટ સ્વરૂપે કવર આપી સન્માનિત કરવામાં આવી. કાર્યક્રમ માં ગાંધીનગર મહાનગરપાલિકા ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સાહેબ (જીગા બાપુ) અને પ્રોફેસર તથા અમારા ગુરૂ એવા ડો.ધર્મેન્દ્રભાઈ પટેલ સાહેબ એ ઉપસ્થિત રહીને સર્વેને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું. આજનાં યુગમાં આપણાં ‘રાધે-રાધે પરીવાર, ગાંધીનગર નાં યુવાનોએ સમાજને એક નવો રાહ ચીંધી ઉત્તમ અને ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે. એમનાં આ કાર્યક્રમની આજુ બાજુ નાં લોકો અને સંસ્થાઓ એ પણ આગવી નોંધ લીધી છે અને અઢળક શુભકામનાઓ પાઠવી છે. ધન્ય છે ગાંધીનગર ના ‘રાધે-રાધે પરીવાર’ નાં દરેક સભ્યોને સમગ્ર કાર્યક્રમ નાં આયોજન માં રાધે-રાધે પરીવારના મિત્રો, સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર નાં કિરણસિંહ ઠાકોર સાહેબ અને પીનાંકભાઈ લબાના, આઈવેન્ટસ ઈવેન્ટ ઓર્ગેનાઈઝેશન ના તરલભાઈ લેઉઆ એ સાથ અને સહકાર પુરો પાડી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

એસ. કે. પટેલ કિંડર ગાર્ટન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પોર્ટ્સ વિક યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં સ્પોર્ટ્સ વિક યોજાયો. જેમાં બાળકોએ જે તે રમતને લગતી સૂચના આપીને વાલીઓ તથા તેમના દાદા-દાદી, મોટા ભાઈ બહેન વગેરેને રમતો રમાડી હતી. જેવી કે રગ વોક, બેકવર્ડ વોક, બિટ્સ ઈન શેડ, થોધ બોલ, બુક બેલેન્સિંગ, મોસ્ટર ફૂટ, યુજિકલ ચેર અને ટેક ધ હેંકી, યોગા, બંદર કિ પૂંછ, હાથી કી સૂંઢ, ફિંગર પ્રિન્ટ પીકચર વગેરે જેવી રમતો રમાડીને તેના વિડીયો બનાવીને મોકલ્યા હતા. આ સ્પોર્ટસ વિક માં વાલીઓએ બાળકોને ખુબજ સપોર્ટ કર્યો હતો. અને બાળ કોની સાથે વાલીઓએ પણ ખુબજ આનંદ લીધો હતો.